IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# " નવસારી જિલ્લાની બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની મનોદશાનો અભ્યાસ "

**Dr. Bhavika S. Patel**
**Assistant Professor**
**Shri Sardar Patel College of Education, Navsari**

➢ **પ્રસ્તાવના:-**

કોરોના વાઇરસની અસર આખા વિશ્વમાં ફેલાઈ અને આખા વિશ્વના પંથને રોકી દીધા. એવા ગંભીર અને જીવલેણ વાઇરસને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ (કોવિડ-19) માર્ચ-2020 ના રોજ વૈશ્વિક મહામારી તરીકે જાહેર કર્યો હતો.આ કોરોના મહામારીની અસર ભારત દેશ ઉપર પણ મોટા પ્રમાણમા પડી હતી. આ સંક્રમણને રોકવા ભારત દેશમાં તેમજ તમામ રાજ્યોમાં વહીવટી તંત્ર દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેમકે લોકડાઉન ઓડ ઈવન, સોશયલ ડિસ્ટન્સ, ઓનલાઇન શિક્ષણ ફરજિયાત બનાવ્યું. તથા ઘણા વિસ્તારોને કન્ટેન્ટમેંટ ઝોન, હોટ સ્પોટ, રેડ ઝોન જેવા ઝોન બનાવી જોખમ નક્કી કરી સુરક્ષિત વાતાવરણ રાખવાના પ્રયત્ન કરવામાં આવ્યા હતા. લોકડાઉન સાથે રાત્રિ કર્ફ્યુ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ અથાગ પરિશ્રમ અને પ્રયત્નો અને સરકારશ્રીનો આરોગ્ય વિભાગ તથા વિવિધ સંકલિત વિભાગો દ્વારા સતત દેખરેખ વચ્ચે પણ કોરોના મહામારીની અસર ભારત દેશના મોટા ભાગમાં વધારે પ્રમાણમા જોવા મળે છે. જે અસર ગુજરાત રાજયમાં પણ થઈ હતી અને ખાસ કરીને મોટા શહેરોમાં આ મહામારીનું સંક્રમણ વધુ જોવા મળ્યું હતું. વહીવટી તંત્રની કોશિશ અને લોકોના સહકારથી અનેક જગ્યાઓ પર કોવિડ કેર સેન્ટરો પણ ખોલવામાં આવ્યા હતા. તેમ છતાં પણ ઘણા મનુષ્યોએ જીવ ગુમાવ્યો હતો.આ મહામારીની દરેકે દરેક ક્ષેત્ર પર વિપરીત અસરો જોવા મળે છે. અને તેમાં ભારતનું ભાવિ એટલે કે વિધાર્થીઓ અને શિક્ષણ કાર્ય માટે કોવીડ-19 એક પડકાર રૂપે આવે છે. કોવીડ-19ની તમામ વિધાર્થીઓની મનોદશા પર અસર જોવા મળે છે.

આજે કોરોના મહામારીને કારણે પ્રવર્તમાન શિક્ષણ પ્રાણાલીમાં ખુબજ મોટું પરીવર્તન આવ્યુ છે.કોરોનાને કારણે ઓનલાઇન તેમજ ઓફલાઇન શૈક્ષણીક કાર્યક્રમની નવી તરેહના લીધે શિક્ષણની ગુણવત્તા ઘટી રહી છે. અને વિધાર્થીઓ પર મનોવૈજ્ઞાનિક અસર જોવા મળી રહે છે. વર્તમાન સમયમા શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા યુક્ત શિક્ષણકાર્યનો અભાવ જોવા મળે છે. શાળા અને કોલોજોમાં અનેક કારણોસર શિક્ષણકાર્યમાં મુશ્કેલી જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના શિક્ષણકાર્યમાં તફાવત જોવા મળે છે. વર્તમાન સમયમાં જૂના શિક્ષકોને શૈક્ષણીક ઉપકરણો, શૈક્ષણીક ટેક્નોલૉજી વગેરેની જાણકારીનો અભાવ જોવા મળે છે. શિક્ષણમાં થયેલા સુધારાને લીધે શિક્ષકોને યોગ્ય સમજ ન હોવાથી શિક્ષણકાર્ય સારી રીતે થઈ શકતું નથી. જેની સીધી અસર વિધાર્થીઓ પર પડે છે.

➢ **સમસ્યાકથન અને શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા:-**

પુખ્ત વિચારણાને અંતે સંશોધક દ્વારાપસંદ કરાયેલ સમસ્યા નીચે મુજબ હતી.

" નવસારી જિલ્લાની બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોનાની મહામારી પછીની મનોદશાનો અભ્યાસ"

ઉપરોકત સમસ્યા વિધાનમાં સમાવિષ્ટ મુખ્ય પદોને પોતાના સંશોધન સંદર્ભે નીચે મુજબ વ્યાખ્યાયિત કરવાનો સંશોધકે પ્રયાસ કર્યો છે.

❖ **નવસારી જિલ્લો:-**

નવસારી જિલ્લો ભારતદેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલો મહત્વનો જિલ્લો છે. નવસારી જિલ્લાની ઉત્તરમાં સુરત જિલ્લો, પૂર્વમાં ડાંગ જિલ્લો, અને દક્ષિણમાં વલસાડ જિલ્લો આવેલો છે. 1997માં નવસારી જિલ્લાની સ્થાપના થઈ હતી. નવસારી જિલ્લામાં હાલ જલાલપોર , નવસારી,ગણદેવી,ચિખલી અને વાંસદા એમ પાંચ તાલુકા છે. નવસારી જિલ્લાની વસ્તી લગભગ 13,30,771 જેટલી છે. તેની સાક્ષરતાનો દર 83.88 % છે. તેનો ભોગોલિક વિસ્તાર 2211 ચો. કિમી. છે. તેમાં કુલ 370 ગામડાઓ આવેલા છે. નવસારીને પુસ્તકોની નગરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **બી.એડ. . કોલેજ:-** શિક્ષણના અભ્યાસની પ્રથમ તાલીમી ઉપાધિ કે જે સ્નાતક કક્ષાની છે. ગુજરાત રાજયમાં અને લગભગ ભારતભરમાં કોઈ પણ વિષય સ્નાતક થયા પછી શિક્ષણ સ્નાતક બે વર્ષમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મળે છે. તેને બી.એડ. કોલેજ કહે છે.

પ્રસ્તુત સશોધનં સંદર્ભે માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક થવા માટે સ્નાતક કે અનુસ્નાતક થયેલ વિધાર્થીઓ શિક્ષણના અભ્યાસની કે પ્રથમ તાલીમી ઉપાધિ મેળવે છે.તે બી.એડ. ની તાલીમ છે.

❖ **પ્રશિક્ષણાર્થી:-** "જ્યાં અમુક વિષયની કે વ્યયસાયની તાલીમ અપાતી હોય તે શીખવા દાખલ થયેલ વિધાર્થીઓ"

પ્રસ્તુત સશોધન સંદર્ભે બી.એડ. . પ્રશિક્ષણાર્થી એટલે શ્રી સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન જલાલપોર નવસારીમાં શૈક્ષણીક વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં બી.એડ. ની પદવી પ્રાપ્ત કરનાર તાલીમાર્થીઓ.

❖ **કોરોના મહામારી:-**

કોરોના વાઇરસએ એવા વાઇરસનો ઉલ્લેખ કરે છે જે મનુષ્યમાં શ્વસન સબધી બીમારી તરફ દોરી જાય છે.તેની સપાટી તાજ જેવી અણીદાર હોવાને કારણે તેનું નામ 'કોરોના' પડ્યું છે.

વર્ડ હેલ્થ ઓર્ગોનાઈઝેશન એ કોરોના વાઇરસને રોગચાળો જાહેર કર્યો છે. કોરોના વાઇરસ ખૂબ સૂક્ષ્મ પરંતુ અસરકારક વાઇરસ છે. કોરોના વાઇરસ માનવવાળ કરતાં 900 ઘણો નાનો છે. કોરોના વાઇરસ એ વાઇરસની એવી પ્રજાતિ સાથે સંકયાળેલ છે. જેના સંક્રમણથી શરદીથી માંડીને શ્ર્વાસ લેવામાં તકલીફ સુધીની સમસ્યાઓનું કારણ બની શકે છે.

❖ **કોરોના વાઇરસ શું છે?**

કોરોના વાઇરસ પ્રાણીઓ તથા મનુષ્યોમાં બીમારી પેદા કરે છે. તેવા વાઇરસોનું એક બૃહદ અથવા ખુબજ મોટું કુટુંબ છે. હજુ હમણાંજ શોધાયેલ કોરોના વાઇરસ દ્વારા "કોવીડ-19 "એ એક ચેપી રોગ છે. આ નવો વાઈરસ અને આ બીમારી ચીનના વૃહાન પ્રાતમાં ડિસેમ્બર-2019 માં ફાટી નીકળી તે પહેલા આપણી જાણ બહાર હતી.

❖ **મનોદશા :-**

મનની હાલત, મનની સ્થિતિ, માનસિક, અવસ્થા,માનસિક વલણ, માનસિકતા.

કોઈ કાર્ય અથવા વિષય માટે પસંદ ના પસંદ અથવા ઉત્સાહ નિરુત્સાહ વગેરેના વિચારથી મન પર થતી અસર ને મનોદશા કહેવામા આવે છે.

❖ **સંશોધનના હેતુઓ –**

કોઈ પણ કાર્યની સિધ્ધિ અર્થે યોગ્ય દિશામાં પૂર્વ આયોજન અનિવાર્ય બને
છે. પ્રસ્તુત સશોધનં કાર્યને સુપેરે પૂર્ણતા ને આરે પહોચાડવા નીચે મુજબના હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા.

1. સૈધ્દ્ધાંતિક અભ્યાસના સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા જાણવી.
2. EPC વર્ક સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા જાણવી.
3. પારિવારિક વ્યવહાર સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા જાણવી.
4. મિત્રો વર્તુળ સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા જાણવી.
5. ઇન્ટર્નશીપ સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા જાણવી.

❖ **સંશોધનના પ્રશ્નો –**

પ્રસ્તુત સશોધનં અતર્ગત સશોધકે નીચે મુજબના પ્રશ્નોના ઉત્તર શોધવાનો ઉપક્રમ રાખ્યો હતો.

1. સૈધ્દ્ધાંતિક અભ્યાસ સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા કેવીછે ?
2. EPC વર્ક સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા કેવીછે ?
3. પારિવારિક વ્યવહાર સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા કેવીછે ?
4. મિત્રો વર્તુળ સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા કેવીછે ?
5. ઇન્ટર્નશીપ સંદર્ભે નવસારી બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની કોરોના મહામારી પછીની માનોદશા કેવીછે ?

❖ સંશોધનનું મહત્વ –

શિક્ષક પ્રશિક્ષણના ક્ષેત્રમાં સંશોધક દ્વારા હાથ ધરાયેલ પ્રસ્તુત સંશોધન કાર્ય નીચે મુજબ મહત્વપૂર્ણ બની રહશે એવું સંશોધકનુ દઢપણે માનવું છે.

- પ્રશિક્ષણાર્થી પક્ષે- પ્રશિક્ષણાર્થીઓને સૈધ્દ્ધાંતિક અભ્યાસના મહત્વ અંગે વિચારતા થશે અને તેમનો સ્વ-વિકાસમાં વધુ ને વધુ ઉપયોગ કરવા માટે પ્રેરિત થશે.
- અધ્યાપક પક્ષે- કોલેજના અધ્યાપકો પ્રશિક્ષણાર્થીઓના શૈક્ષણીક નવા વિચારના વિકાસમાં મહતમ ઉપયોગ કરવા માટે પ્રેરશે. તેમજ યોગ્ય સંદર્ભે ગ્રંથોની પસંદગી બાબતે ગ્રંથપાલને મદદરૂપબની શકશે.

- કોલેજ પક્ષે- કોલેજમાં શૈક્ષણીક કર્મચારી બિન શૈક્ષણીક કર્મચારી તેમજ સંચાલક મંડળને શિક્ષણાર્થીઓને શૈક્ષણીક તેમજ બિનશૈક્ષણીક પ્રવુતિઓમાં યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા મદદરૂપ થઇ શકશે.
- પારિવાર પક્ષે- પ્રશિક્ષણાર્થીઓને પરિવાર તરફથી સાથ સહકાર તેમજ હુંફ મળી રહે અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા મદદરૂપ બની શકશે.

❖ સંશોધનનું સીમાંકન-

કોઇ પણ સંશોધન એ એક મોટું સાહસ છે. આમ, છતાં એક સંશોધકને સમય ,શક્તિ અને નાણાંની બાબતને ધ્યાનમાં રાખીને કેટલાક સીમાંકનો નિર્ધારિત કરવા પડે છે. પ્રસ્તુત સંશોધન સંદર્ભે સશોધકે નીચે મુજબના સીમાંકનો નિર્ધારિત કર્યા હતા.

- પ્રસ્તુત સંશોધન શ્રી સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન નવસારીમાં શૈક્ષણીક વર્ષ-2021-22 દરમિયાન બી.એડ. . દ્રીતીય વર્ષમાં તૃતીય સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલા તાલીમાર્થીઓ પુરતુ જ મર્યાદિત છે.
- પ્રસ્તુત સંશોધનમાં માહિતી પ્રાપ્તિના વિવિધ ઉપકરણો પૈકી સંશોધક દ્વારા રચિત પ્રાયાઅભિપ્રાયાવલીનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- પ્રસ્તુત સંશોધન માટે બી.એડ. . ના તાલીમાર્થીઓ દ્વારા સૈધ્દ્ધાંતિક અભ્યાસ, EPC વર્ક, ઇન્ટર્નશીપ.પારિવારિક.વ્યવહાર, અને મિત્ર વર્તુળ ના સંદર્ભે જ કોરોના મહામારી પછીની માનોદશા વિષે માહિતી મેળવવામાં આવી છે.

❖ વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી-

કોઇ પણ સંશોધનથી પ્રાપ્ત તારણોથી યથાર્થતાને લક્ષમાં રાખીને સંશોધનના વ્યાપવિશ્વ અને નમૂનાને વ્યાયાખિત કરવું આવશ્યક બને છે. પ્રસ્તુત સંશોધન સંદર્ભે સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન જલાલપોર, નવસારી ખાતે શૈક્ષણીક વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન બી.એડ. દ્રીતીય વર્ષમાં તૃતીય સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલી ૫૦ તાલીમાર્થીઓને પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ગણાવી શકાય.
સંશોધક દ્વારા શ્રી સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, નવસારી ખાતે શૈક્ષણીક વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન બી.એડ. દ્રીતીય વર્ષમાં તૃતીય સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલા તમામ ૫૦ તાલીમાર્થીઓને નમુનાના પાત્રો તરીકે પસંદગી કરવામાં આવી હતી. આમ, પ્રસ્તુત સંશોધન સંદર્ભે સંશોધકે વ્યાપવિશ્વને નમૂના તરીકેની પસંદગી આપી હતી.

❖ ઉપકરણની સંરચનાઃ-

સંશોધન માટે, માહિતી એકત્રીકરણ માટે વિવિધ ઉપકરણોનો ઉપયોગ થઇ શકે છે. સંશોધન કાર્યની યથાર્થતા અને સંશોધકની અનુકૂળતાને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન માટે માહિતી એકત્રીકરણના ઉપકરણ તરીકે સંશોધક દ્વારા સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભિપ્રાયાવલિની રચના બે વિભાગમાં કુલ-૪, પેટા વિભાગમાં ૩૨ જેટલા વાક્યોની રચના કરવામાં આવી હતી. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા આ વિધાનોની સામે આપેલ સમંત, તટસ્થ અથવા અસમંત ના ખાનામાં પોતાના મંતવ્યો આપવાના હતા. બીજા વિભાગમાં સમાવિષ્ટ ત્રણ મુક્ત જવાબી પ્રશ્નોના જવાબ પ્રશિક્ષણાર્થીઓએ મુક્ત રીતે આપવાના હતા.

❖ માહિતિ એકત્રીકરણની રીતઃ-

પ્રસ્તુત સંશોધન માટે અસરકારક રીતે માહિતી મેળવવા માટે સંશોધક કોલેજના શૈક્ષણીક વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન બી.એડ. દ્રીતીય વર્ષમાં તૃતીય સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલા તમામ તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્ર કરવા એક તાસનું આયોજન કર્યું હતું. આ તાસમાં સશોધકે તમામ તાલીમાર્થીઓને પોતાના સંશોધનના હેતુઓથી પરિચિત કરાવ્યા હતા. ત્યારબાદ સંશોધક દ્વારા આ તાલીમાર્થીઓને સમક્ષ અભિપ્રાયાવલિનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને જરૂરી સૂચના અને અભિપ્રાયાવલિની વિગતો ભરવા સંદર્ભે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

❖ માહિતિ પૃથકરણની રીતઃ-

સંશોધન દ્વારા પ્રાપ્ત થતી તમામ માહિતી પરથી યોગ્ય તારણો પર પહોચવા માટે તેનું યોગ્ય રીતે પૃથ્થકરણ થાય તે જરૂરી છે. પ્રસ્તુત સંશોધન સંદર્ભે સંશોધક દ્વારા અભિપ્રાયાવલિના પ્રથમ વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતીના પૃથ્થકરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બીજા વિભાગના મુક્ત જવાબી પ્રશ્નો દ્વારા પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

❖ સંશોધનના તારણોઃ-

પ્રસ્તુત સંશોધન અતર્ગત સંશોધકને નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

1. સૈધ્દ્ધાંતિક અભ્યાસ સંદર્ભેનાં તારણોઃ-

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓનું એવું માનવું હતું કે.........

- વિષય-વસ્તુની સમજણની સમસ્યા થાય છે.
- અસરકારક પાઠ આયોજન સંબધી સમસ્યા થાય છે.
- શિક્ષણ કાર્ય પૂરું કરવા સંબધી સમસ્યા થાય છે.
- થીયરી યાદ કરવાની સમસ્યા થાય છે.

2. EPC વર્ક સંદર્ભેનાં તારણોઃ-

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓનું એવું માનવું હતું કે.........

- EPC વર્કને અંગેના રસપ્રદ કાર્યક્રમમાં ઉત્સાહનો અભાવ દેખાય છે.

- EPC વર્કને પ્રવુતિઓમાં વિષયોની પસંદગી કરવામાં નિરસતા અનુભવે છે.
- EPC વર્કની પ્રવુતિઓ દરમિયાન લેખનને લગતા સંદર્ભે વધુ પ્રમાણમા મળવા મુશ્કેલ થાય છે.

3. પારિવારિક વ્યવહાર સંદર્ભેનાં તારણો:-

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓનું એવું માનવું હતું કે.........

- પારિવારિક વ્યવહારમાં ઘણા વિભક્ત કુટુંબ સંયુકત કુટુંબમાં એકત્ર થયા છે.
- પારિવારિક વ્યવહારમાં ઘણા સંયુકત કુટુંબ વિભક્ત કુટુંબમાં વિભાજીત થયા છે.
- પારિવારિક વ્યવહારમાં છોકરીઓ અને સ્ત્રી ઓને ઘણા કડવા અનુભવો પણ થયા છે.
- પારિવારિક વ્યવહારમાં ઘર નાનું હોવાથી કંકાશ અને સંકળાશ નો અનુભવ થયો છે.

4. મિત્ર વર્તુળ સંદર્ભેનાં તારણો:-

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓનું એવું માનવું હતું કે.........

- મિત્ર વર્તુળમાં મિત્રો વચ્ચેનું અંતર વધતું જોવા મળ્યું.
- મિત્ર વર્તુળમાં અન્ય મેથડનાં મિત્રો સાથેનો લાગણીઓ નો અભાવ જોવા મળે છે.
- મિત્ર વર્તુળમાં એકબીજાને સહકાર આપવાની ભાવનામાં ઘટાડો જોવા મળે છે.
- મિત્ર વર્તુળમાં સહઅભ્યાશિક પ્રવુતિઓ કરવામાં અસરકરક્તાનો અભાવ જોવા મળે છે.

5. ઇન્ટર્નશીપ સંદર્ભેનાં તારણો:-

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓનું એવું માનવું હતું કે.........

- શાળા પંસદગી કરવામાં સમસ્યા અનુભવે છે.
- શાળા તરફથી ઇન્ટર્નશીપમાટે પરવાનગી મેળવવામાં સમસ્યા અનુભવે છે.
- શાળામાં ટાઇમ ટેબલ સંબધી સમસ્યા અનુભવે છે.
- શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં સમસ્યા અનુભવે છે.

❖ ઉપસંહાર:-

કોરોના કોવીડ-19 જેવા વાયરસને લીધે આખા ભારતદેશ પર ગંભીર અને જીવલેણ મહામારીના કારણે દેશનાં તમામે તમામ ક્ષેત્ર પર ખુબજ વિપરીત અસર પડી છે. અને દેશનાં શૈક્ષણિક ક્ષેત્ર પર સૌથી મોટી અસર જોવા મળી છે. કોરોનાને લીધે શિક્ષક પ્રશિક્ષણમાં ઘણી સમસ્યાઓ ઉદભવી છે. કોરોનાની મહામારીને કારણે પ્રશિક્ષણાર્થીઓની માનોદશા પર ખુબજ ઊંડી અસર જોવા મળે છે. શૈક્ષણિક ક્ષેત્રના સંદર્ભેમાં આ નાનકડા સંશોધન દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં નવવિચાર અને પરીવર્તન માટેના અવકાશ તરફ દિશાનિર્દેશ કરવાં માંગે છે. પ્રસ્તુત સંશોધન પ્રશિક્ષણાર્થીની મનોદશા સમજવા ઉપયોગી નીવડશે એવી અપેક્ષા.

❖ **સંદર્ભે સાહિત્ય:-**


1. ઉચાટ ડી.એ. (2000) સંશોધનની વિશિષ્ટ પ્રધ્ધતિઓ,રાજકોટ,વાસુકી પ્રિંટિંગ પ્રેસ, ગુજરાત.
2. શાહ ડી.બી. (2004) શૈક્ષણિક સંશોધન અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત.
3. પટેલ એમ.એસ. અને અન્યો (2008) શૈક્ષણિક સંશોધન માપન, મૂલ્યાંકન અને આંકડાશાસ્ત્ર (ત્રિ-આવૃતિ) અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન.
4. દેસાઇ એચ. અને દેસાઇ કે (1979) સંશોધનની પ્રધ્ધતિઓ (બીજી આવૃતિ) અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત.
5. શિક્ષણ વિભાગ ગુજરાત રાજય (2013) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009, ગાંધીનગર
6. વર્તમાનપત્રો
7. નોવેલ કોરોનો વાયરસ (કોવીડ-19) મટિરિયલ,રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી.